ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G



**પ્રસાદ માટે તૈયારી :** ગાંધીનગરમાં અષાઢી બીજે નિકળનાર ભગવાન જગન્નાથની રથયાત્રામાં પ્રસાદ તૈયાર કરવા મગની સાફસુફી કરી રહેલ ભજન મંડળની બહેનોની આ તસવીર ભક્તિ સાથે સમૂહ જીવનના પાઠ શિખાય છે. સેંકડો મગની સાફસુફી માટે રોજ ૧૦૦થી વધારે ભાવિક મહિલાઓ પંચદેવ મંદિરના ચોકમાં બેસી પ્રસાદ માટે ભાવપૂર્વક તૈયારીઓ કરે છે.

### સેક્ટર-૨૯ જલારામ મંદિર ખાતે તડામાર તૈયારી

# મોસાળમાં ૪ હજાર ભાવિકો માટે મોહનથાળ-ખિચડીનો પ્રસાદ

## બટાકા-વટાણાનું રસાદાર શાક અને ઠંડી છાશની પણ વ્યવસ્થા : સ્વયંસેવકોની ટીમ કામે લાગી

ગાંધીનગર, તા.૬

રથયાત્રા નિમિત્તે ભગવાન જગન્નાથજીના મોસાળ જલારામ ધામમાં ચાર હજાર ભાવિકોને મોહનથાળ અને ખીચડી શાકનો પ્રસાદ પીરસવામાં આવશે. રથયાત્રાના ભવ્ય સ્વાગત તેમજ પ્રસાદ તૈયાર કરવા માટે જલારામ સેવા સમાજના સ્વયંસેવકો કામે લાગી ગયા છે.

શહેરમાં છેલ્લા ૨૭ વર્ષથી નીકળતી ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાના ઓવારણા લેવા ઠેર ઠેર તૈયારીઓ શરુ કરી દેવાઈ છે. દર વર્ષે ભગવાનના મોસાળ સે-૨૯ જલારામ ધામ ખાતે યાત્રાળુઓને વિસામા દરમિયાન પ્રસાદ પીરસવામાં આવે છે. જલારામ સેવા સમાજના મંત્રી જીતેન્દ્ર સેજાણીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે આગામી રથયાત્રાને અનુલક્ષીને ભાવિકો માટે ચોખ્ખા ઘીનો મોહનથાળ, ખીચડી તેમજ બટાણા, વટાણા, ટામેટાનું ચટાકેદાર શાક બનાવવામાં આવશે.

ચાર હજાર ભાવિકો માટે પ્રસાદ તૈયાર કરવા ૭૫ કીલો ચોખ્ખું ઘી, ખીચડી માટે ૨૦૦ કિલો ચોખા, ૧૦૦ કીલો મગદાળ, ૪૦૦ કીલો બટાટાનો ઉપયોગ થશે. આ ઉપરાંત ભાવિકો માટે ઠંડી છાશની પણ વ્યવસ્થા કરવામાં આવશે. મોસાળમાં ભાવિકો માટે પ્રસાદની વ્યવસ્થા કરવા જલારામ સેવા સમાજના સ્વયંસવકોની ટીમ કામે લાગી છે. વિસામાના સ્થળે રથયાત્રાનું ભવ્ય સ્વાગત તેમજ યાત્રાળુઓ માટે જરુરી વ્યવસ્થા પુરી પાડવા પણ તૈયારી હાથ ધરવામાં આવી છે.

# વરસાદનો વિરામ યથાવત

ગાંધીનગર, તા. ૬

બુધવારે અને ગુરૂવારે ધમાકેદાર બેટીંગ કર્યા બાદ વરસાદે છેલ્લા બે દિવસથી વિરામ લીધો છે. આજે આખો દિવસ ધૂપ-છાંવનો માહોલ રહ્યો હતો. વરસાદી ઝાપટુ ન પડતા ફરી બફારાએ સૌને હેરાન પરેશાન કરી મુક્યા છે.



બે દિવસ સુધી મેઘરાજાની મહેર રહ્યા બાદ મેઘરાજાએ વિરામ લીધો છે. શુક્રવારની જેમ જ આજે શનિવારે પણ વરસાદ વરસ્યો ન હતો. વરસાદ બંધ રહેતા જીવજંતુઓનો ઉપદ્રવ વધ્યો છે. રાત્રે ફરજીયાત ઘરના બારી બારણા બંધ રાખવા પડે છે. વરસાદના કારણે નગરમાં ચારેબાજુ લીલોતરી છવાઈ ગઈ છે. મેઘરાજાએ વિરામ લેતા પુનઃ બફારાએ તેનું સામ્રાજ્ય ફેલાવ્યું છે. બફારો જરાય ચેન લેવા દેતો નથી.

# અમદાવાદ રથયાત્રામાં આકાશી પહેરો પોલીસનું 'નેત્ર' લગાડશે

## માનવરહિત વિમાન રથયાત્રાના સમગ્ર રૂટમાં આકાશમાં સાથે ફરશે અને ડીઝીટલ ફોટોગ્રાફી કરશે

ગાંધીનગર, તા. ૬

અષાઢી બીજ રથયાત્રાની તૈયારીઓ રાજ્યભરમાં શરૂ થઈ ગઈ છે ત્યારે પોલીસ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવવાની સ્કીમ તૈયાર થઈ ગઈ છે. જડબેસલાક પોલીસ બંદોબસ્ત ગોઠવવા ઉપરાંત સંવેદનશીલ ગણાતી અમદાવાદની રથયાત્રામાં પોલીસનું માનવરહિત વિમાન 'નેત્ર' પહેરો લગાવશે અને પળેપળને કેમેરામાં કેદ કરશે.

રાજ્યના પોલીસવડા અમિતાભ પાઠકના જણાવ્યાનુસાર અમદાવાદ-ગાંધીનગર સહિત કુલ ૧૭ જેટલા સ્થળો રથયાત્રા માટે સંવેદનશીલ જાહેર કર્યા છે. જે તમામ સંવેદનશીલ વિસ્તારો ભુતકાળમાં બનેલા બનાવોને ધ્યાને રાખીને યાદીમાં મુકવામાં આવ્યા છે. કોઈપણ રથયાત્રામાં અનિચ્છનીય બનાવ બને



નહી તે હેતુથી રાજ્ય પોલીસ વડા દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ફાળવી દેવામાં આવ્યો છે. તે ઉપરાંત સંવેદનશીલ ગણાતી અમદાવાદની રથયાત્રાના સંપુર્ણ રૂટ પર આકાશી પહેરો લગાડી પરિસ્થિતિ પર ઝીણવટભરી નજર રાખવા ડીઆરડીઓ વિકસીત નેત્રનો ઉપયોગ કરવામાં આવશે. માનવ રહિત એરીયર વિમાન દ્વારા રથયાત્રા રૂટ પર આકાશમાંથી નજર રાખવામાં આવશે જેનું ઓપરેટીંગ પોલીસ દ્વારા ટીમોરથી કરવામાં આવશે.

### રાજ્યભરની સંવેદનશીલ રથયાત્રાની યાદીમાં કલોલનો સમાવેશ

રાજ્ય પોલીસ વડા દ્વારા મહત્વની અને સંવેદનશીલ રથયાત્રાઓ કે જ્યાં અગાઉ ભુતકાળમાં રાયોટીંગ સહિત વિવિધ ગંભીર ગુના યાત્રા દરમ્યાન બની ચુક્યા છે. તેવા વિસ્તારની રથયાત્રાઓમાં લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રાજ્યભરમાં કેટલી સંવેદનશીલ રથયાત્રાઓ છે. તેની યાદી તૈયાર કરવામાં આવી છે. રાજ્યમાં કુલ ૧૭ રથયાત્રાઓ સંવેદનશીલ હતી જેમાં ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરની રથયાત્રાનો પણ સમાવેશ થાય છે જેને ધ્યાને રાખીને કલોલની રથયાત્રામાં વિશેષ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવશે.

# ગાંધીનગરમાં ૧૩-૧૪મીએ વૃક્ષયાત્રા નીકળશે

## સેક્ટરોમાં રોપાઓના વિતરણ માટે ૧૫ ઊંટલારી ફરશે

ગાંધીનગર, તા. ૬

વન વિભાગ દ્વારા આગામી તા. ૧૩ અને ૧૪ જુલાઈના રોજ શહેરમાં વૃક્ષયાત્રા યોજવામાં આવશે. જૂના અને નવા સેક્ટરોમાં રોપાઓનું વિતરણ કરવા ૧૫ ઊંટલારી ફરતી થશે. ગત વર્ષ દરમિયાન પણ વૃક્ષયાત્રા દરમિયાન ૫૬ હજાર રોપાઓનું વિતરણ કરાયું હતું.

એક જમાનામાં ગ્રીનસીટીની આગવી ઓળખ ધરાવતા શહેરમાં વિકાસ કામોના નામે અનેકવૃક્ષો કપાતા પ્રકૃતિપ્રેમીઓમાં આક્રોશ પ્રવર્ત્યો છે. ગ્રીનસીટી બેરનસીટી બનવા તરફ હોવાનો સૂર પ્રબળ બન્યો છે. આવા સંજોગોમાં શહેરની વધુ હરીયાળુ બનાવવા વનતંત્ર દ્વારા ચોમાસા દરમિયાન રોપાઓના વાવેતરની સાથે સેક્ટરોમાં રોપા વિતરણનું અભિયાન હાથ ધરવામાં આવે છે. જે અન્વયે પ્રતિવર્ષ વૃક્ષયાત્રા યોજવામાં આવે છે.

ગત વર્ષ દરમિયાન પણ વૃક્ષયાત્રા નીકાળી સેક્ટરોમાં ૫૬ હજાર જેટલા રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે આ વર્ષે પણ આગામી તા. ૧૩ અને ૧૪ જુલાઈના રોજ સેક્ટરોમાં વૃક્ષયાત્રા નીકાળવામાં આવશે. ડી.એફ.ઓ.ના જણાવ્યા મુજબ તા. ૧૩ જુલાઈના રોજ વાવોલ અને સે. ૧ થી ૧૬માં રોપા વિતરણ કરાશે.

જ્યારે ૧૪ મીએ સે. ૧૬ થી ૩૦ તેમજ જી.ઈ.બી. વિસ્તારમાં રોપાઓનું વિતરણ કરાશે. રોપા વિતરણ માટે ૧૫ ઊંટલારીઓ ફરતી થશે. જ્યારે આ માટે સેવા કરવા ઈચ્છતા યુવાનોએ પોતાના નામ વન વિભાગની કચેરીએ નોંધાવવા પણ જણાવાયું છે.

# રથયાત્રામાં તુલસી-અરડુસીના ૨૫ હજાર રોપાઓનું વિતરણ થશે

## ગત વર્ષે પણ ૧૫,૬૦૦ રોપાઓનું વિતરણ કરાયું હતું

ગાંધીનગર, તા. ૬

આગામી અષાઢી-બીજના રોજ નીકળનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રાને અનુલક્ષી તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ભગવાન જગન્નાથજીની રથયાત્રા દરમિયાન જાંબુ-કાકડીના પ્રસાદની સાથે દર્શનાર્થીઓને તુલસી-અરડુસીના રોપાઓનુંપણ વિતરણ કરવામાં આવશે. ગત વર્ષે પણ ૧૫,૬૦૦ રોપાઓનું વિતરણ કરાયું હતું.

ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં ભગવાનના રથની સાથે વિવિધ સંસ્થાઓ તેમજ ભજનમંડળીઓ જોડાય છે. જ્યારે વિવિધ ટેબ્લોઝની સાથે વન વિભાગની ટ્રક પણ યાત્રાના રૂટમાં ભાવિકોને રોપાઓનું વિતરણ કરવા યાત્રામાં રોપાઓનું વિતરણ કરવા યાત્રામાં જોડવામાં આવે છે. ગત વર્ષે પણ રથયાત્રાના રૂટમાં સેક્ટરમાંથી આવતા દર્શનાર્થીઓને તુલસી અને અરડુસીના ૧૫,૬૦૦ જેટલા રોપાઓનું વિતરણ કરવામાં આયું હતું. જ્યારે આગામી રથયાત્રામાં પણ આ માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જિલ્લા ફોરેસ્ટ ઓફીસર ભાવિન વ્યાસે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે રથયાત્રાના રૂટમાં રોપાઓનું વિતરણ કરવા બે ટ્રેક્ટર અને ૧ ટ્રક રૂટમાં રહેશે જ્યારે એક ટ્રક યાત્રામાં જોડાશે. રથયાત્રા દરમિયાન દર વર્ષે રોપાઓનું વિતરણ કરવામાં આવે છે. જ્યારે આ વખતે પણ ૨૫ હજાર જેટલા રોપાઓનું વિતરણ કરાશે. રોપા વિતરણ માટે યોગ્ય વ્યવસ્થા જાળવવા સ્વયંચાલકોની ટીમ પણ તૈયાર કરી દેવાઈ છે.




**SITE :** Nr. Siddheshwar Homes, Opp. Gandhinagar International School,
Gandhinagar - Randheja Road, Randheja

**Call :** 98252 60175
89057 72671

DEVELOPERS
SHIVALAY CORPORATION

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com